# ભગવાન મહાવીરનો સ્યાદ્વાદ

(શ્રી જયેન્દ્રભાઈ શાહ, મુંબઈ)

ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળના ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર દેવે અગાઉના તીર્થંકરોના બોધની પરંપરામાં અહિંસા અને અનેકાન્તવાદની વિશ્વને આપેલી ભેટ અમૂલ્ય છે. અહિંસા અને અનેકાન્ત-વાદ પરસ્પર આધારિત છે. અનેકાન્ત દ્રષ્ટિ વિના અહિંસાનું પૂર્ણ પાલન અસંભવિત છે. સૂક્ષ્માતિ સૂક્ષ્મ જીવસૃષ્ટિ, સંપૂર્ણ જીવદયા, કર્મબંધ અને મોક્ષની મીમાંસા, અનેક દ્રષ્ટિકોણથી વસ્તુ સ્વરૂપનું પ્રતિપાદન, એ પ્રભુ મહાવીરની વિશ્વને મળેલી અમૂલ્ય અને અદ્વિતીય બોધ સંપત્તિ છે. પ્રસ્તુત લેખમાં વસ્તુને અનેક દ્રષ્ટિકોણથી સમજવાની સ્યાદ્વાદ કે અનેકાન્તવાદની વ્યાપક દ્રષ્ટિ જૈન દર્શનમાં કેવી રીતે વ્યક્ત થઈ છે ? વ્યવહાર તેમજ અધ્યાત્મમાં આ દ્રષ્ટિનું શું મહત્વ છે? તે જોઈએ.

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજી " સિદ્ધ હેમ શબ્દાનું શાસન " માં સ્યાદ્વાદની વ્યાખ્યા આ રીતે આપે છે. "स्यात्" - दूत्यव्ययम्, अनेकान्त द्योतकम्, ततः स्याद्वादः- अनेकान्तवादः नित्या नित्या द्यनेक धर्मशबलैकवस्त्वभ्युपगम इति यावत् । - स्यात् એ અવ્યય છે, જે અનેકાન્ત અર્થનું દ્યોતન કરે છે. એ ઉપરથી સ્યાદ્વાદ એટલે અનેકાન્તવાદ. એટલે કે, નિત્ય-અનિત્યાદિ અનેક ધર્મોનો એક વસ્તુમાં જે સ્વીકાર કરવો, તેનું નામ સ્યાદ્વાદ કહેવાય. પંડિત સુખલાલજીએ નોંધ્યુ છે કે, 'અનેકાન્ત વિચારસરણીનો ખરો અર્થ એ છે કે સત્ય દર્શનને લક્ષ્યમાં રાખી, તેના બધા અંશો અને ભાગોને એક વિશાળ માનસ વર્તુળમાં યોગ્ય રીતે સ્થાન આપવું. વસ્તુના અનંત ધર્મો છે. ભિન્ન ભિન્ન દ્રષ્ટિબિંદુઓથી એકબીજાના વિરોધી દેખાતા ધર્મોનો સ્યાદ્વાદમાં સ્વીકાર થાય છે. દા. ત. એક જ પુરુષ જુદી જુદી અપેક્ષાએ સંબંધ વિશેષે પિતા, પુત્ર, કાકા, ભત્રીજો, મામો, સસરો, જમાઈ તરીકે ઓળખાય છે.

હાથીના એક એક અવયવને ઓળખીને તેને હાથીનું પૂર્ણરૂપ સમજી હાથીનું વર્ણન કરનારા અંધજનો, આંશિક જ્ઞાનને પૂર્ણ જ્ઞાન માનતા હતા, તેથી તેમનો અભિપ્રાય ખોટો હતો. એક ઢાલની એક બાજુ સોનાની અને બીજી બાજુ ચાંદીની મઢેલી છે. તેને બે બાજુ જોનારા જુદા જુદા માણસો જુદી રીતે જુએ, તે અપૂર્ણ દર્શન છે. બંને બાજુએ જોનારનું દર્શન પૂર્ણ દર્શન છે. વસ્તુના અનેક ધર્મોના વિચાર વિનિયમથી તેનું જ્ઞાન સંપૂર્ણ બને છે. અનેક ધર્મોના સમન્વયથી વસ્તુ સ્વરૂપ સાચું સમજાય છે. ' સ્યાત્ ' એટલે અમુક અપેક્ષાએ, અને વાદ એટલે કથન. અપેક્ષા પૂર્વક કથન એટલે સ્યાદવાદ. અનેકદ્રષ્ટિ યુક્ત કથન, એટલે ભિન્ન ભિન્ન દ્રષ્ટિએ જે કથના તે અનેકાન્તવાદ.



શ્રી જયેન્દ્રભાઈ શાહ

### ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય.

વિશ્વવંદ્ય વિશ્વ વિભુ સર્વજ્ઞ ભગવાન મહાવીરદેવે, પ્રત્યેક પદાર્થના મુખ્ય ત્રણ ધર્મો કહ્યા છે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય. ઉત્પાદ એટલે ઉત્પત્તિ, વ્યય એટલે નાશ અને ધ્રૌવ્ય એટલે સ્થિતિ. શ્રી તત્વાર્થસૂત્રમાં સૂત્ર છે કે , ' उत्पाद-व्यय-ध्रौव्ययुक्त सत् ' આ સૂત્રને દ્રષ્ટાંતની મદદથી સમજીએ તો, સોનાની કંઠીને તોડીને એમાંથી કુંડલ બનાવવામાં આવે છે. ત્યારે કંઠીનો નાશ અને કુંડલની ઉત્પત્તિ થઈ કહેવાય. પરંતુ કુંડલની ઉત્પત્તિ નવી નથી. કંઠીનો આકાર બદલાયો અને કુંડળનો થયો. કંઠી અને કુંડલ બંને સુવર્ણરૂપમાં તો એક જ છે. કુંડલ રૂપે ઉત્પત્તિ, કંઠી રૂપે નાશ અને સુવર્ણની સ્થિતિ, એ ત્રણેય બાબતો આ ઉદાહરણમાં સ્પષ્ટ થઈ. જે મૂળ વસ્તુ સ્થાયી છે, તેને જૈન પરિભાષામાં ' દ્રવ્ય ' કહેવામાં આવે છે. અને જેની ઉત્પત્તિ અને નાશ થાય છે તેને ' પર્યાય ' કહેવામાં આવે છે. દ્રવ્યથી દરેક પદાર્થ નિત્ય છે અને પર્યાયથી એટલે અવસ્થા ભેદથી દરેક પદાર્થ અનિત્ય છે. આમ વસ્તુને એકાન્તે નિત્ય કે અનિત્ય નહિ માનતાં નિત્યાનિત્યરૂપે જોવાની શૈલી એ સ્યાદ્વાદ છે.

વસ્તુ માત્ર મૂળ દ્રવ્ય રૂપે સ્થાયી યાને નિત્ય છે. અને અવસ્થા ભેદે અનિત્ય છે. આનો પણ સાર એ છે કે દ્રવ્યની અપેક્ષાએ દરેક પદાર્થ નિત્ય અને સ્થાયી છે અને પર્યાયની અપેક્ષાએ પરિવર્તનશીલ છે. વસ્ત્રના તાકામાંથી કોટ પાટલૂન બનાવ્યા હોય તો ત્યાં તે વસ્ત્રના તાંતણાના અણુઓ પરમાણુઓ મૂળ દ્રવ્ય રૂપે કાયમ છે, કારણ કે પરમાણુઓનો કદાપિ નાશ થતો નથી. કોટ પાટલૂનના રૂપમાં તે ઉત્પન્ન થયું છે. તાકો અને કોટ પાટલૂન એ વસ્ત્રનાં અવસ્થાંતરો થયાં. એક જ માણસ બાળક મટીને યુવાન, યુવાન મટીને વૃદ્ધ થાય છે. માણસ તરીકે બધી અવસ્થામાં સમાન છે. એ રીતે આત્મા મૂળ દ્રવ્ય રૂપે નિત્ય છે. તેની અવસ્થાઓમાં પરિવર્તન થતું હોવાથી પર્યાયની દ્રષ્ટિએ અવસ્થા ભેદે આત્મા અનિત્ય છે. એક મનુષ્ય મટીને દેવ થયો. બંને અવસ્થામાં તે આત્મા રૂપે એક જ છે. આ આત્માના મનુષ્ય પર્યાયનો નાશ થયો અને દેવ પર્યાયની ઉત્પત્તિ થઈ, એમ કહેવાય. આ રીતે જૈન દર્શનમાં આત્માને નિત્ય અને અનિત્ય, યાને પરિણામી માનવામાં આવ્યો છે તો, જો આત્માને માત્ર નિત્ય જ માનવામાં આવે તો તેમાં સુખ દુઃખની ભિન્ન ભિન્ન અવસ્થાઓ, જુદાં જુદાં પરિવર્તનો સમજાવી શકાશે નહિ. આત્માને નિત્ય માનીને પણ જો પરિણામી



काम विषय आशक्ति में, मिले नहीं आराम ।
जयन्तसेन इसे तजे, जीवन सुख का धाम ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનીએ તો જ, સુખદુઃખાદિ ભિન્ન અવસ્થાઓ અને પરિવર્તનો તેમજ પુણ્ય-પાપ, બંધ-મોક્ષ આત્મામાં ઘટી શકે છે. જો આત્માને એકાન્ત અનિત્ય માનવામાં આવે તો, એક ક્ષણના પર્યાયે જે કાર્ય કર્યું, તેનું ફળ બીજી ક્ષણના પર્યાયને મળ્યું. આને કૃતનાશ અને અકૃતાગમ દોષ કહેવામાં આવે છે. કૃતનાશ એટલે જે કર્યું હોય તેનું ફળ કરનારને મળે તે. અકૃતાગમ એટલે જેણે જે કર્યું નથી તેનું ફળ તેને મળવું. એકાન્ત ક્ષણિકવાદમાં સુખ-દુઃખ, પુણ્ય-પાપ અને બંધ-મોક્ષ આત્મામાં ઘટી શકતાં નથી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મ. શ્રી ' વીતરાગ સ્તોત્ર ' માં આ બંને પક્ષોનો યોગ્ય સમન્વય આ રીતે સમજાવે છે.

गुडोऽपि कफ हेतु : स्यान् –

नागरं पित्तकारणम् ।

द्वयात्मनि दोषोऽस्ति

गुडनागर भेषजे ॥ ६ ॥

ગોળ કફ કરે છે, સૂંઠ પિત્ત કરે છે. પરંતુ તે બંનેનું યોગ્ય મિશ્રણ થાય તો કોઈ દોષ રહેતો નથી. તેમ એકાન્ત નિત્યવાદ કે એકાન્ત અનિત્યવાદ સદોષ છે. નિત્યાનિત્યવાદ નિર્દોષ છે, એ ફલિત થાય છે. દુનિયાના તમામ દોષોને નાબુદ કરવાની તાકાત અનેકાન્તવાદમાં સમાયેલી છે. તમામ વાદોના અંત લાવવાની અમોઘ શક્તિ સ્યાદવાદમાં છે. ગોળ કફનું કારણ છે અર્થાત્ ગૉળ કફોત્પાદક છે, સુંઠ પિત્તનું કારણ છે. અર્થાત્ પિત્ત કરે છે, જ્યારે આ બંને જુદા જુદા હોય, ત્યારે દોષપ્રદ બને છે, પરંતુ જ્યારે બંનેનું એકીકરણ થાય છે ત્યારે બંનેના દોષો નાબુદ થાય છે. અલગતા દોષ છે ત્યારે ઐક્ય દોષઘ્ન બને છે.

**સપ્તભંગી**

જૈન દર્શનમાં કોઈ પણ પ્રશ્નના ઉત્તરમાં જુદી જુદી સાત કથનરીતિઓનો આશ્રય લેવાય છે. તેને ' સપ્તભંગી ' કહેવામાં આવે છે. તે આ પ્રમાણે છે. ૧. 'अस्ति' એટલે છે. ૨. 'नास्ति' એટલે નથી. ૩ 'अस्ति-नास्ति' એટલે છે, છતાં નથી. ૪. 'अवक्तव्य' એટલે ન કહી શકાય તેવું ૫. 'अस्ति-अवक्तव्य એટલે છે, એમ કહી શકાય તેવું નથી. ૬. 'नास्ति-अवक्तव्य એટલે નથી, એમ કહી શકાય તેવું નથી. ૭. 'अस्ति-नास्ति अवक्तव्य' એટલે છે, કે નથી કે છે એ કહી શકાય તેવું નથી. આ સાતેય કથનરીતિઓ સાથે 'કંથચિત્' એટલે અમુક અપેક્ષાએ એ શબ્દ જોડવો પડે છે.

પ્રથમ ભંગથી વસ્તુ શું છે ? તે દર્શાવાય છે જેમકે વસ્તુ 'અસ્તિ' સ્વરૂપે જ છે પરંતુ અમુક અપેક્ષાએ એટલે કે સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવથી છે. દ્વિતીય ભંગથી વસ્તુ શું નથી ? એ દર્શાવાય છે, જેમ કે વસ્તુ નાસ્તિ જ છે પણ અમુક અપેક્ષાએ, એટલે કે પરદ્રવ્ય પરક્ષેત્ર પરકાલ અને પરભાવથી નથી. ત્રીજા ભંગથી વસ્તુ શું છે ? અને શું નથી ? તે અનુક્રમે દર્શાવાય છે. ચતુર્થ ભંગથી વસ્તુ અવકતવ્ય છે તેમ દર્શાવાય છે. વસ્તુના કેટલાક ધર્મો અજ્ઞાત હોય છે, અનુભવમાં આવી શકે છતાં યોગ્ય શબ્દોમાં વ્યક્ત ન થઈ શકે તેવા હોય છે, તેથી વસ્તુ અમુક અપેક્ષાએ અવકતવ્ય છે, એમ કહી શકાય છે. અવકતવ્યની સાથે અસ્તિ મળવાથી પાંચમો ભંગ થાય છે. અવકતવ્યની સાથે નાસ્તિ મળવાથી છઠ્ઠો ભંગ થાય છે. અવકતવ્યની સાથે અસ્તિ નાસ્તિ બંને મળવાથી સાતમો ભંગ થાય છે. શ્રી ભગવતી સૂત્રમાં **" સિઅ અત્થિ, સિઅ નત્થિ સિઅ અવત્તવ્વં "** એમ ત્રણ ભંગ દર્શાવાયા છે. સપ્તભંગી એ આ ત્રણ ભંગની વિશેષ વ્યાખ્યા છે.

જીવને આશ્રીને-ઉદ્દેશીને સપ્તભંગી નું ઉદાહરણ આપણે જોઈશું. ૧. 'જીવ સત્ છે' (સ્વ દ્રવ્યાદિની અપેક્ષાએ) ૨. 'જીવ અસત્ છે' (પરદ્રવ્યાદિની અપેક્ષાએ) ૩. જીવ સત્ છે અને અસત્ છે. ૪. જીવ સત્ અસત્ બંને યુગપત્ છે, પરંતુ બંને ધર્મ યુગપત્ એકીસાથે કહી ન શકાય, તે માટે અવકતવ્ય છે. ૫. 'જીવ સત્' હોવા છતાં એક સાથે સત્ અસત્ હોવાથી, સત્ અવકતવ્ય છે. ૬. જીવ અસત્ હોવા છતાં એક સાથે સત્ અસત્ છે, માટે અસત્ અવકતવ્ય છે. ૭. જીવ ક્રમે કરી સત્ અસત્ હોવા છતાં સત્ અસત્ છે માટે સત્ અસત્ અવકતવ્ય છે.

' વિધિ-નિષેધ પ્રકારની અપેક્ષાએ વસ્તુના દરેક પર્યાય (ધર્મ) માં સાત અંગોનો જ સંભવ છે, કેમકે દરેક ધર્મ અંગે સાત જ પ્રશ્ન થઈ શકે, એથી વધારે નહિ. એટલે વસ્તુના પ્રત્યેક ધર્મે એક, એમ અનંત ધર્મ અંગે અનંત સપ્તભંગી થઈ શકે. છે. ( પ્રમાણ નય તત્ત્વાલોકાલંકાર ૭-૩૮, ૩૯ )

**પાંચ સમવાય કારણો**

જૈન દર્શનમાં કાર્યકારણનો સિદ્ધાંત, સ્યાદ્વાદને સુંદર રીતે પ્રકટ કરે છે. કોઈ પણ કાર્ય માટે પાંચ સમવાય કારણોનો સ્વીકાર, એ કાર્ય કારણનો સિદ્ધાંત છે. ૧ કાળ ૨ સ્વભાવ ૩ (પૂર્વ) કર્મ ૪ ઉદ્યમ ૫ નિયતિ.

૧ કાળ એટલે ? કાર્ય સિદ્ધિ માટે કાળ મર્યાદા. કરેલા શુભાશુભ કર્મો કાળ પાકે ત્યારે ઉદયમાં આવે છે. દા. ત. આંબો વાવ્યા પછી ફળ માટે સમયની રાહ જોવી પડે છે.

૨ સ્વભાવ- એટલે ? વસ્તુનો સ્વભાવ, જડ અને ચેતન પોતાના સ્વભાવ મુજબ વર્તે છે. દા. ત. બાવળનું ઝાડ વાવ્યુ હોય તો બાવળ જ ઊગે, આંબો નહિ.

૩ પૂર્વ કર્મ- એટલે ? પ્રાણીઓની સુખ દુઃખની ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓ પાછળ કામ કરતો કર્મોદય કર્મની અસરથી જ રાજા ને રંક, મૂર્ખ ને બુધ્ધિમાન બળવાન ને નિર્બળ,રોગી ને નિરોગી, એવા જુદા જુદા ભેદો જોવા મળે છે.

૪ ઉદ્યમ– એટલે જીવની પ્રવૃત્તિ. જીવ શુભાશુભકર્મ બાંધે છે તેમાં તેનો ઉદ્યમ રહેલો છે. અશુભ કર્મ શુભકર્મમાં અને શુભ કર્મ અશુભમાં ફેરવાય છે. તેમાં પણ જીવનો ઉદ્યમ જ રહેલો છે. જીવની પુરુષાર્થ શક્તિ તેને મોક્ષ સુધી પહોંચાડે છે. વર્તમાન યુગની ભૌતિક વિજ્ઞાનની શક્તિ જીવની ઉદ્યમ શક્તિનું ઉદાહરણ છે.

૫ નિયતિ- એટલે ? જે બનવાનું નક્કી જ છે તે ભાવિભાવ. ધાર્યું પરિણામ આવે તેવી તમામ સંભાવના હોય છતાં, છેલ્લી


भोगी बन कर मानवी, पाता कष्ट महान ।
जयन्तसेन तन बल धन, तीनों खोवत जान ॥
Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘડીએ ન ધારેલું બને, દા. ત. રામચંદ્રજીનું વનગમન, અચાનક લૉટરી લાગી જતાં ગરીબનું ધનવાન બની જવું. અવશ્ય સુખ કે દુ:ખ આપનારું કર્મ જૈન પરિભાષામાં 'નિકાચિત' કહેવાય છે. નિયતિ એ નિકાચિત કર્મનું પરિણામ બતાવતું કારણ છે.

અન્ય ઉદાહરણથી આ પાંચ સમવાય કારણો વધુ સ્પષ્ટ થઈ શકે તેમ છે. એક વિદ્યાર્થી યુનિવર્સિટીની ડીગ્રી પ્રાપ્ત કરવા ઈચ્છે છે. તે માટે અભ્યાસની કાળ મર્યાદા સ્વીકારવી પડે છે, વિદ્યાર્થીના સ્વભાવનો સ્વીકાર કરવો પડે છે, અનુકૂળ કર્મ અને નિયતિનો પણ સ્વીકાર કરવો પડે છે. ઉદ્યમનો પણ સ્વીકાર કરવો પડે છે. કોઈ પણ કાર્ય પાછળ આ પાંચેય કારણો અવશ્ય વિદ્યમાન હોય છે. તેમાં કોઈ કારણ ગૌણ કે કોઈ મુખ્ય હોઈ શકે છે, પરંતુ કોઈ કારણનો સર્વથા અભાવ તો ન જ હોય.

૫. પૂ. આચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી ' સન્મતિ તર્ક ' માં લખે છે કે

कालो सहाव नियई पुव्वकयं पुरिस कारणेगंता ।

मिच्छत्तं ते चवे य, समासओ होन्ति सम्मत्तं ॥ ३ - ५३ ॥

કાલ, સ્વભાવ, નિયતિ, પૂર્વ કર્મ ઉદય એ પૈકી કોઈ એકનો એકાન્ત પક્ષ કરવામાં મિથ્યાત્વ છે. એ પાંચેયને યોગ્ય રીતે સ્વીકારાય તે સમ્યક્ત્વ છે.

**જ્ઞાનક્રિયાનો સમન્વય**

મુક્તિની સાધના માટે જ્ઞાન અને ક્રિયા બંનેનો સમન્વય આવશ્યક ગણાય છે. 'વિશેષાવશ્યક ભાષ્ય' માં કહ્યું છે કે, ક્રિયા વિનાનું જ્ઞાન હણાયેલું સમજવું અને જ્ઞાન વગરની ક્રિયા હણાયેલી સમજવી. ઉદાહરણ તરીકે દેખવા છતાં પાંગળો અને દોડવા છતાં આંધળો બંને બળી મૂઆ. જ્ઞાન અને ક્રિયા બેના સંયોગથી જ ફળસિદ્ધિ થાય છે. અન્ધના ખભા પર પંગુ બેસે અને પંગુના કહ્યા પ્રમાણે અન્ધ ચાલે તો નગરે પહોંચી શકાય. તરવાની વિદ્યા જાણનાર તરવાની ક્રિયા વિના પાર ઉતરી શકે નહિ. જ્ઞાન વિહુણી ક્રિયા આંધળી છે અને ક્રિયા વિનાનું જ્ઞાન પાંગળુ છે. બંને ભળવાથી રથના બે પૈડાની જેમ મોક્ષરૂપી ઈષ્ટ નગરે પહોંચી શકાય છે.

**નિશ્ચય અને વ્યવહાર દ્રષ્ટિ**

જીવના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ, એ જૈનધર્મમાં અંતિમ ધ્યેય મનાયું છે. જે દ્રષ્ટિ વસ્તુના મૂળ કે તાત્ત્વિક સ્વરૂપને સ્પર્શે છે, તે નિશ્ચય દ્રષ્ટિ કહેવાય છે. વસ્તુની વ્યાવહારિક અવસ્થાને સ્પર્શતી દ્રષ્ટિ તે વ્યવહાર દ્રષ્ટિ કહેવાય છે. વ્યવહાર દ્રષ્ટિ ક્રિયાયુક્ત છે. નિશ્ચય દ્રષ્ટિ જ્ઞાન યુક્ત છે. નિશ્ચય દ્રષ્ટિથી ધ્યેય નક્કી થાય છે. વ્યવહાર દ્રષ્ટિથી સાધનાનો ક્રમ સેવાય છે. **"નિશ્ચય દ્રષ્ટિ હૃદયે ધરી પાળે જે વ્યવહાર, પુણ્યવંત તે પ્રાણીઆજી લેશે ભવનો રે પાર"** (ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.) નિશ્ચય ધ્યેય બતાવે છે અને વ્યવહાર ધ્યેય લક્ષ્ય સુધી પહોંચાડે છે, માટે બંને શ્રી વીતરાગ શાસનને માન્ય છે. એકલા જ્ઞાનથી મોક્ષ નથી, તેમ એકલી ક્રિયાથી પણ મોક્ષ નથી. બંને પરસ્પર સાપેક્ષ છે, અને જ્યાં અપેક્ષા છે ત્યાં સ્યાદ્‌વાદ છે, એ નક્કર સત્ય છે.

**પ્રમાણ અને નય**

પ્રમાણ એટલે જ્ઞાન અને નય એટલે પ્રમાણ ભૂત જ્ઞાનનું અંશરૂપ જ્ઞાન વસ્તુના સમગ્ર રૂપે થતા બોધને જૈન પરિભાષામાં ' પ્રમાણ ' કહેવાય છે. અંશે થતા બોધને 'નય' કહેવાય છે. પ્રમાણના પાંચ પ્રકાર છે. ૧. મતિજ્ઞાન ૨. શ્રુતજ્ઞાન ૩. અવધિજ્ઞાન ૪ મન:પર્યવ જ્ઞાન ૫. કેવલ જ્ઞાન. જૈન દર્શનમાં અવધિ, મન : પર્યવ અને કેવલ એ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાન છે, જ્યારે મતિ ને શ્રુત બંને પરોક્ષ જ્ઞાન છે. સમુદ્રનું બિંદુ સમુદ્ર ન કહેવાય, તેમ અસમુદ્ર પણ ન કહેવાય, કિંતુ સમુદ્રનો અંશ કહેવાય. તે પ્રમાણે નય પ્રમાણનો અંશ છે. જેટલા વચનના પ્રકારો થઈ શકે, તેટલા નયના પ્રકારો થાય. પરંતુ જૈન દર્શનમાં બહુ જાણીતા એવા સાત નયો છે. મુળ રૂપે તો નયના મુખ્ય બે ભેદ છે ૧. દ્રવ્યાર્થિક નય અને ૨. પર્યાયાર્થિક નય. મૂળ પદાર્થ ને ' દ્રવ્ય ' કહેવામાં આવે છે. મૂળ દ્રવ્યમાં થતા ફેરફારને પર્યાય કહેવામાં આવે છે દ્રવ્યાર્થિક નય એટલે વસ્તુના મૂળ દ્રવ્ય પર લક્ષ્ય આપતો વિચાર. પર્યાયાર્થિક નય એટલે વસ્તુના પરિવર્તન પર લક્ષ્ય આપતો વિચાર દ્રવ્યની પ્રધાનતા માનનારો નય તે દ્રવ્યાસ્તિક કે દ્રવ્યાર્થિક નય કહેવાય, અને પર્યાયની પ્રધાનતાવાળો જે નય તે પર્યાયાસ્તિક કે પર્યાયાર્થિક નય - કહેવાય. દ્રવ્યાર્થિક નયના નૈગમ નય, સંગ્રહ નય અને વ્યવહાર નય એમ ત્રણ ભેદો પડે છે. પાયાર્યાર્થિક નયના ઋજુ-સૂત્ર-નય, શબ્દ નય, સમભિરૂ નય અને એવંભૂત નય, એમ ચાર ભેદો પડે છે. એ રીતે સાત નય કહેવાય છે.

**૧. નૈગમનય–** વસ્તુમાત્રમાં સામાન્ય અને વિશેષ અંશરૂપ ધર્મ હોય છે. તે તે અપેક્ષાએ વસ્તુ સામાન્ય રૂપે તેમ જ વિશેષ રૂપે જણાય છે. આ કાર્ય નૈગમ નય કરે છે. દા. ત. વસ્ત્ર, વસ્ત્ર તરીકે તે સામાન્ય છે, પરંતુ ખમીસ તરીકે તે વસ્ત્ર વિશેષ છે. એમાંયે બીજાં ખમીસની સાથે આ ખમીસ સામાન્ય છે પરંતુ સફેદ હોવાથી બીજા રંગીન કરતાં એ વિશેષ છે. આ રીતે સામાન્ય તેમજ વિશેષરૂપે જ્ઞાન નૈગમ નયથી થાય છે.

**૨. સંગ્રહ નય–** આ નયથી વસ્તુ માત્રને સામાન્ય રૂપે જાણી શકાય છે. દા. ત. ચર્મ ચક્ષુથી દેખાતા જગતના સઘળા પદાર્થો અનિત્ય છે. જેની ઉત્પત્તિને વિનાશ સંભવે તે અનિત્ય ગણાય. અને જેની ઉત્પત્તિ કે વિનાશ કોઈ કાળે થતો નથી, તેમજ એક સ્થિર સ્વભાવ જેનો છે, તે નિત્ય પદાર્થ છે. આ સંગ્રહ નય વિશ્વનાં સઘળા પદાર્થોને પોતાના ઉદ્દાર પેટાળમાં સમાવે છે. સત્તા રૂપે બધાય પદાર્થને એકરૂપે આ નય માને છે. સામાન્ય સ્વરૂપે માને છે. નદી સમુદ્ર કુવો તળાવ બધુંજ જળ છે, અહીં સમગ્રને સામાન્ય તરીકે જાણ્યું તે સંગ્રહ નયજ્ઞાન

**૩. વ્યવહાર નય –** આ નય લોકવ્યવહાર મુજબ વસ્તુને વિશેષ રૂપે જાણે છે. સત્ રૂપ વસ્તુને જડ અને ચેતન એમ બે પ્રકારે દર્શાવી આ પ્રકારોનું અનેક ભેદો પૂર્વક વિસ્તૃત વિવેચન કરવાનું આ નયનું કામ છે. આ નય પૃથકરણ કરે છે. સંગ્રહ નયમાં એકીકરણનો મનોવ્યાપાર કરે છે, વ્યવહાર નયમાં પૃથક્કરણનો



अज्ञानी दनकर फँसा, किया बहुत संभोग ।
जयन्तसेन बिना दमन, उदित हो कई रोग ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનોવ્યાપાર છે.

**૪. ઋજુ સૂત્ર નય** – વસ્તુ માત્રના વર્તમાન પર્યાય તરફ આ નયનું લક્ષ્ય છે. દા. ત. ભૂતકાળમાં ખોવાયેલું કે ભવિષ્યમાં મળનાર ધનને લક્ષ્યમાં લેતાં, હાલમાં જે ધન છે તેને અનુસરીને માણસનું ધનવાનપણું ગણવું. આ નય કેવળ વર્તમાન પર્યાયને માને છે.

**૫. શબ્દ નય** – આ નય પર્યાયવાચી શબ્દોને એકાર્થવાચી માને છે, પરંતુ કાળ લિંગ વગેરેનો ભેદ પડતો હોય તો એકાર્થવાચી શબ્દનો પણ અર્થ ભેદ માને છે. આ નય લિંગ વચન જાદાં પડતાં વસ્તુને જાુદી કહે છે. દા. ત. ઘડો, કળશ, કુંભ એ સમાન વસ્તુ છે. પરંતુ ઘડી, લોટી, ગાગર એ પેલાથી જાુદી વસ્તુ છે, એમ માને છે.

**૬. સમભિરૂઢ નય** – આ નય શબ્દના ભેદથી અર્થ ભેદ માને છે. તેમાં રાજા, નૃપ ભૂપતિ વગેરે એકાર્થવાચી શબ્દોનો પણ જાુદો જાુદો અર્થ કરવામાં આવે છે. દા. ત. રાજ ચિહ્નોથી શોભે તે રાજા, માણસોનું રક્ષણ કરે તે નૃપ, પૃથ્વીનું પાલન કરે તે ભૂપતિ. આમ પ્રત્યેક શબ્દના મૂળ અર્થને આ નય પકડે છે.

**૭. એવંભૂત નય** – આ નય પ્રમાણે જો શબ્દાર્થ વર્તમાનમાં ઘટતો હોય તો જ તે વસ્તુને વસ્તુ તરીકે સંબોધી શકાય. દા. ત. ખરેખર રાજચિહ્નોથી શોભતો હોય ત્યારે જ ' રાજા' કહેવાય. સેવક ખરેખર સેવામાં લાગેલો હોય ત્યારે જ તે સેવક કહેવાય.

**કર્તવ્ય – અકર્તવ્ય વિવેક**

શ્રી આચારાંગ સૂત્રના ચોથા અધ્યયનના બીજા ઉદ્દેશમાં પ્રારંભમાં એક સૂત્ર છે.

**જે આસવા તે પરિસ્સવા, જે પરિસ્સવા તે આસવા.** તેનો અર્થ એ થાય છે કે જે કર્મ બંધનાં સ્થાન છે તે કર્મ નિર્જરાનાં સ્થાન બને છે, અને જે કર્મ નિર્જરાનાં સ્થાન છે, તે કર્મ બંધનાં સ્થાન બને છે. આ સૂત્રમાં વિવેકની શક્તિ અને અનેકાન્ત દ્રષ્ટિ પર પ્રકાશ પડે છે. જે કાર્ય વડે અજ્ઞાની કર્મબંધન કરે છે તે જ કાર્ય વડે જ્ઞાની કર્મનાશ કરે છે. અજ્ઞાનીની પ્રવૃત્તિમાં સાંસારિક આસક્તિ અને સાંસારિક ફળની કામના હોય છે. જ્ઞાનીની પ્રવૃત્તિમાં જ્ઞાનદ્રષ્ટિ અને મુક્તિની આકાંક્ષા હોય છે. અજ્ઞાની એક કાર્ય આસક્તિ પૂર્વક કરે છે, તેથી તે તેના કર્મથી બંધાય છે, જ્ઞાની તે જ કાર્ય અનાસક્ત પણે કરે છે તેથી તેમાંથી ઉપજતા કર્મથી તે બંધાતો નથી. જ્ઞાની દેશ, કાળ વિગેરે જોઈને કર્તવ્ય - અકર્તવ્યનો વિવેક કરીને પ્રવૃતિ કરે છે.

એક ઉત્સર્ગ અપવાદની વિચારણાનો પણ સ્યાદ્વાદ દ્રષ્ટિમાં સમાવેશ થાય છે. સામાન્ય સ્થિતિ સંજોગોમાં જે નિયમો પાળવાના હોય છે તે ઉત્સર્ગ માર્ગ કહેવાય છે અને બદલાયેલ સ્થિતિ સંજોગોમાં જે માર્ગ ગ્રહણ કરાય છે તે અપવાદ માર્ગ કહેવાય છે. ક્યો માર્ગ ગ્રહણ કરવો ? તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની વિચારણા પછી નક્કી કરવું જોઈએ. એક પક્ષે અમુક રીતે વર્તવાનું ઠરાવ્યું હોય તે બધી જ પરિસ્થિતિમાં લાગુ પાડી શકાય નહિ. ઉત્સર્ગ તેમજ અપવાદ એ બંને માર્ગોનું અવલંબન સ્વ પરના કલ્યાણનું લક્ષ્ય રાખીને લેવાનું કહેવામાં આવ્યું છે, ઉત્સર્ગ એટલે રાજમાર્ગ કે કાયદો; અપવાદ એટલે આપદ્ધર્મ યાને ઉલટું આચરણ. ઉત્સર્ગના પ્રસંગે ઉત્સર્ગ બળવાન છે. અને અપવાદના પ્રસંગે અપવાદ બળવાન છે. ઉત્સર્ગના પ્રસંગે અપવાદ માર્ગે ચાલનારો વિરાધક છે, અને અપવાદના પ્રસંગે ઉત્સર્ગ માર્ગે ચાલવાનો આગ્રહી પણ વિરાધક છે આ વાત ખાસ ખ્યાલમાં રાખવા જેવી છે. ઉત્સર્ગ અપવાદમાં પણ સ્યાદ્વાદ સમાવિષ્ટ છે.

**ચાર નિક્ષેપ** - શબ્દનો અર્થ પ્રયોગ જૈન દર્શનમાં ચાર રીતે થાય છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. દા. ત. રાજા, કોઈનું નામ રાજા હોય ને તેને તે નામથી બોલાવવાનો વ્યવહાર થાય છે તે નામ નિક્ષેપ, રાજાની મૂર્તિ, છબી કે ચિત્રને પણ રાજા તરીકે ઓળખવામાં આવે છે તે સ્થાપના નિક્ષેપ કારણ કે રાજા ત્યાં સ્થાપના રૂપે છે. જે ભૂતકાળમાં રાજા હતો અથવા ભવિષ્યમાં રાજા થનાર છે તેને પણ રાજા કહેવાય છે; એટલે પાત્રની દ્રષ્ટિએ રાજા કહેવાથી દ્રવ્ય નિક્ષેપ થાય છે. જેનામાં ખરેખરું રાજાપણું હોય. અર્થાત રાજગાદી ઉપર હોય અને શાસન ચલાવતો હોય ત્યારે તે ભાવરાજા કહેવાય. રાજકુંવર કે જે ભાવિમાં રાજા થનાર છે તે દ્રવ્ય રાજા કહેવાય અને રાજગાદી છોડી દીધેલ હોય તે પણ દ્રવ્ય રાજા કહેવાય રાજા શબ્દના અર્થ ભાવ નિક્ષેપ કહેવાય છે. જૈન દર્શનના ભક્તિ માર્ગમાં નામ સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપની સહાયથી ભાવ નિક્ષેપ સુધી પહોંચવાની સાધના થાય છે.

**અનુયોગ**

અનેક વિષયોની વ્યાખ્યા પ્રમાણે જૈન શાસ્ત્રોના ચાર ભાગ પડે છે. તે ચાર અનુયોગ કહેવાય છે.

**૧. દ્રવ્યાનુયોગ**– જેમાં જીવ, અજીવ-પુદ્ગલ વગેરે પદાર્થોનું નિરૂપણ છે, તે દ્રવ્યાનુયોગ છે, દા. ત. કર્મ વિષયક શાસ્ત્રો, સન્મતિ તર્ક આદિ દર્શન શાસ્ત્ર સૂત્ર કૃતાંગ સ્થાનાંગ સૂત્ર, તત્ત્વાર્થ સૂત્ર વગેરે દ્રવ્યાનુયોગના ગ્રંથો કહેવાય છે.

**૨. ગણિતાનુયોગ** – જેમાં પદાર્થની ગણતરી માપ વગેરેનું વર્ણન હોય તેને ગણિતાનુયોગ કહે છે. દા. ત. સૂર્ય પ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, સંગ્રહણી ક્ષેત્ર સમાસ વગેરે ગ્રંથો.

**૩. ચરણ-કરણાનુયોગ**– જેમાં ચારિત્ર અને આચારનું વર્ણન આવે છે, તેને ચરણકરણાનુયોગ કહે છે. દા. ત. શ્રી આચારાંગ, શ્રી નિશીથ, ધર્મબિંદુ, શ્રાધ્ધ વિધિ વગેરે ગ્રંથો

**૪. ધર્મકથાનુયોગ**– ધર્મ પ્રેરક દ્રષ્ટાંતો તથા કથાઓનું વર્ણન તે ધર્મકથાનુયોગ છે. દા. ત. જ્ઞાતા ધર્મકથાંગ આગમ, ત્રિષષ્ઠી શલાકા પુરુષ ચરિત્ર વગેરે.

**સ્યાદવાદ પ્રરૂપક સાહિત્ય**

પ્રાચીન આગમોમાં **"સિય અત્થિ, સિયણત્થિ,** દ્રવ્ય, ગુણ, પર્યાય, નય આદિ સ્યાદ્વાદ સૂચક શબ્દો અનેક સ્થળો પર જોવા મળે છે. ઈ. સ. પૂર્વે ચોથી સદીમાં શ્રી ભદ્રબાહુ સ્વામીજીની દશ નિર્યુક્તિઓમાં આ વિષય વધુ સ્પષ્ટ રીતે ચર્ચાયેલો જોવા મળે છે.



विषय वासना दिल बसी, काम भोग की दोड ।
जयन्तसेन पतंगवत, आखिर जीवन छोड ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈ. સ. ની પ્રથમ શતાબ્દીમાં આચાર્ય શ્રી ઉમાસ્વાતીજીએ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર અને શ્રી તત્ત્વાર્થ ભાષ્યમાં અનેકાન્તવાદની વિસ્તૃત ચર્ચા કરી છે. ઈ. સ. ની ચોથી શતાબ્દીમાં શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી અને શ્રી સંમતભદ્રજીએ સ્યાદ્વાદ પર વધુ પ્રકાશ પાડ્યો છે. ઈ. સ. ની પાંચમી શતાબ્દીમાં શ્રી મલ્લવાદીજી અને શ્રી જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણજી નામના શ્વેતામ્બર જૈનાચાર્યોએ આ વિષય પર અનેક ગ્રંથો લખેલા છે. ત્યાર બાદ ઈ. સ. ની આઠમી - નવમી શતાબ્દીમાં શ્રી અકલંકજી અને આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીનાં નામો આ પ્રકારના સાહિત્યમાં વિખ્યાત છે. ઈ. સ. ની નવમી શતાબ્દીમાં શ્રી વિદ્યાનંદજી અને શ્રી માણિક્યનંદિજી નામના વિખ્યાત દિગંબર આચાર્યો થયા. તેમણે સ્યાદ્વાદની પ્રરૂપણા કરતાં ગ્રંથો લખ્યા છે. ઈ. સ. ની દસમી અગિયારમી સદીમાં શ્રી પ્રભાચંદ્રજી અને શ્રી અભયદેવસૂરિજી નામના તાર્કિકો થયા. તેમની પછી ઈ. સ. ની બારમી સદીમાં શ્રી વાદિદેવસૂરિજી અને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામો ઉલ્લેખનીય છે શ્રી વાદિદેવસૂરિજીએ 'પ્રમાણ નય તત્ત્વાલોકાલંકાર' 'સ્યાદ્વાદ રત્નાકર' વગેરે ગ્રંથો રચ્યા છે. શ્રી હેમચંદ્રાચાર્યે અન્યયોગ વ્યવચ્છેદિકા, અયોગ વ્યવચ્છેદિકા, પ્રમાણમીમાંસા વગેરે ગ્રંથો રચીને સ્યાદ્વાદનું પ્રતિપાદન કર્યું છે. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી અસાધારણ પ્રતિભાશાળી વિદ્વાન હતા. તેઓ ઈ. સ. ની સત્તરમી અઢારમી શતાબ્દીમાં થયા. તેમણે યોગ, સાહિત્ય, પ્રાચીન ન્યાય વગેરે વિષયોનું પાંડિત્ય પ્રાપ્ત કર્યું હતું. તેમણે શાસ્ત્રવાર્તા સમુચ્ચયની સ્યાદ્વાદ કલ્પલતા ટીકા, નયોપદેશ, નય રહસ્ય, નય પ્રદીપ, ન્યાય ખંડખાદ્ય, ન્યાયાલોક, અષ્ટસહસ્રી ટીકા આદિ અનેક ગ્રંથોની રચના કરેલી છે. પંડિત વિમલદાસ તેમના સમકાલીન દિગંબર વિદ્વાન હતા. તેમણે સપ્તભંગી તરંગિણી નામનો ગ્રંથ રચ્યો છે. છેલ્લે છેલ્લે ઉપાધ્યાયજી શ્રી યશોવિજયશ્રીએ રચેલા ઘણા ખરા નયના ગ્રંથો પર શ્રી સિદ્ધસેનદિવાકર સૂરિજીએ રચેલા ન્યાય ગ્રંથો પર સાહિત્ય સમ્રાટ વ્યાકરણ વાચસ્પતિ આચાર્યશ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ.શ્રીએ લાખો શ્લોક પ્રમાણ ટીકાઓ રચી છે.

**અન્ય દર્શનનો સ્યાદ્વાદ**

સ્યાદ્વાદને મળતી પદ્ધતિ જૈન સિવાય અન્ય દર્શનોમાં પણ જોવામાં આવે છે. ઋગ્વેદમાં કહેવામાં આવ્યું છે કે " એ સમયે સત્ પણ ન હતું અને અસત્ પણ ન હતું. " (ઋગ્વેદ ૧૦ - ૧૨૯ - ૧) ઈશાવાસ્ય કઠ, પ્રશ્ન, શ્વેતાશ્વતર વગેરે પ્રાચીન ઉપનિષદોમાં પણ તે હલે છે અને હલતું પણ નથી, તે અણુથી નાનું છે અને મહાન્ થી મહાન્ છે, તે સત્ પણ છે અને અસત્ પણ છે. વગેરે કથનોમાં બ્રહ્મનું વર્ણન પરસ્પર વિરોધી ગુણોની અપેક્ષાએ જોવા મળે છે. વેદાન્તનો અનિર્વચનીય વાદ, કુમારિલનો સાપેક્ષવાદ, બૌદ્ધધર્મનો મધ્યમ માર્ગ સ્યાદ્વાદને અનુસરતી શૈલી દર્શાવનારા છે. ગ્રીક દર્શનમાં પણ એમ્પીડોક્લીઝ, એટોમસ્ટ્સ અને અનેકસાગોરસ નામના દાર્શનિકોએ ઈલિએટિસના નિત્યવાદ અને હેરેક્લિટસના ક્ષણિકવાદનો સમન્વય કરીને, પદાર્થોમાં નિત્યદશામાં પણ આપેક્ષિક રીતે પરિવર્તન હોય છે, તેવા સ્વીકાર કર્યો છે. પશ્ચિમના આધુનિક દાર્શનિકોએ પણ સ્યાદ્વાદની પદ્ધતિએ વિચારો દર્શાવેલા છે. જર્મનીના પ્રખ્યાત તત્ત્વવેત્તા હેગલનું કથન છે કે, પરસ્પર વિરોધી ધર્મોનું હોવાપણું જ સંસારનું મૂળ છે. કોઈ વસ્તુનું યોગ્ય રીતે વર્ણન કરવા માટે એ વસ્તુ સંબંધી સંપૂર્ણ સત્ય કહેવાની સાથે એ વસ્તુના વિરૂદ્ધ ધર્મોનો સમન્વય કેવી રીતે થઈ શકે છે. એનું નિરૂપણ કરવું જોઈએ. (થીલી, હિસ્ટરી ઓર ફિલોસોફી પૃ-૪૬૭) ન્યૂ આઈડિયાલિઝમના સમર્થક બ્રેડલેના મત પ્રમાણે દરેક વસ્તુ આવશ્યક અને અનાવશ્યક એમ બંને બીજી વસ્તુઓ સાથે તુલના કરીને સિદ્ધ થઈ શકે છે. સંસારનો કોઈ પદાર્થ નકામો અથવા નિરર્થક છે એમ ન કહી શકાય. તેથી દરેક તુચ્છમાં તુચ્છ વિચારમાં અને નાનામાં નાની બાબતમાં સત્યતા રહેલી છે. (એપીયરન્સ એન્ડ રીયાલીટી પૃ - ૪૮૭) આધુનિક દાર્શનિક જોએચિત્રનું કથન છે કે કોઈ પણ વિચાર પોતે જ બીજા વિચારથી સર્વથા અળગો પડી જઈને માત્ર પોતાની જ દ્રષ્ટિથી સત્ય કહી શકાય નહિ. (નેચર ઓફ ટ્રુથ એ - ૩, પૃ-૯૨-૩) માનસ શાસ્ત્રી પ્રો- વિલિયમ્સ જેમ્સે લખ્યું છે કે, આપણાં અનેક વિશ્વો છે. સાધારણ મુનષ્ય આ બધાં વિશ્વોને એકબીજાથી છૂટાં અને સ્વતંત્ર રૂપે જાણે છે. પૂર્ણ તત્ત્વજ્ઞાની તે જ છે કે જે પૂરા વિશ્વો ને એક બીજા સાથે સંકળાયેલા અને સંબંધિત જાણે છે. ( ધ પ્રિન્સીપલ્સ ઓફ સાયકોલોજી વોલ્યુમ - ૧ એ ૨૦ પૃ - ૨૯૧)

**જૈન દર્શનમાં દર્શન સમન્વય**

આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી એ લખ્યું છે કે,

उद धाविव सर्व सिन्धव :<br>
समुदीर्णा स्तमयि सर्वद्रष्टय : ।<br>
न च तासु भवानुदीक्ष्यते<br>
प्रविभक्तासु सरित्स्विवोदधि : ।।१६।।

હે ભગવાન, આપનામાં સંસારના સમગ્ર દર્શનો આવીને સમાય છે. એટલે કે સમગ્ર દર્શનો આપના દર્શનમાં સમાવિષ્ટ છે, પરંતુ જેમ સમુદ્રમાં મળનારી જુદી જુદી નદીઓમાં સમુદ્રનું દર્શન થઈ શકતું નથી, તેમ વિભિન્ન દર્શનોમાં આપ દેખાતા નથી.

શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી સન્મતિતર્કની ૬૯ મી ગાથામાં કહે છે.

भदं मिच्छादसंणसमूहमइअस्स अभयसारस्स<br>
जिणवयणस्स भगवओ संविज्ञासुहाहिगम्मस्स ।।

આ ગાથામાં જિન વચનને મિથ્યાદર્શનોના સમુહરૂપ જણાવવામાં આવ્યું છે. મિથ્યાદર્શનોનો સમૂહ છતાં જૈન દર્શન સમ્યગદર્શન કેવી રીતે ? જુદા જુદા મતો જ્યારે પોતાનું મંતવ્ય વ્યક્ત કરે છે ત્યારે તેમની દ્રષ્ટિ એક માત્ર પોતાના મંતવ્ય પ્રતિ જ હોય છે. તે અન્યમતોનો વિરોધ કરે છે. એ રીતે પોતાના મતને નિરપેક્ષ સત્ય માને છે. અન્ય મતો પ્રત્યે તે નિરપેક્ષ હોવાથી જ મિથ્યા કરે છે. જૈન દર્શનમાં બધા મતો યથાસ્થાને ગોઠવાય છે. તેથી તે સાપેક્ષ દર્શન બને છે અને તેથી સમ્યગદર્શન બને છે. ભિન્ન ભિન્ન નયોની અપેક્ષાએ જૈનદર્શન રૂપી મહાસાગરમાં અન્યાન્યદર્શન રૂપી નદીઓ ભળી જાય છે, એથી સ્યાદ દર્શનના ઉદાર પેટાળમાં સર્વનો


माया ममता ना तजे, रखता चित्त कषाय ।<br>
जयन्तसेन आत्म वही, जन्म जन्म दुःख पाय ।।
Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

સમન્વય થાય છે. આચાર્ય શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે બધા વિરોધી નયો એકત્ર થઈને સમ્યક્ કેવી રીતે બને છે તે આ રીતે સમજાવ્યું છે. એક રાજાના સેવકો પરસ્પર લડે છે. પરંતુ રાજાની સમક્ષ તેઓ એકત્ર બની જાય છે. રાજાનું કાર્ય પણ તેઓ કરે છે અને પોતાનો સ્વાર્થ પણ સિદ્ધ કરે છે, તેવી જ રીતે જૈન દર્શનમાં પણ વિરોધી નયો ભેગા મળીને જિનને માન્ય વસ્તુ સિદ્ધ કરે છે અને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરે છે.

પરમયોગી શ્રી આનંદઘનજીએ ષડ્દર્શનોને જિનેન્દ્રનાં અંગ તરીકે વર્ણવીને સાપેક્ષ દ્રષ્ટિઓનો સમુચિત સમન્વય દર્શાવ્યો છે.

ષડ્ દરિસણ જિન અંગ ભણી જે
ન્યાસ ષડ્ અંગ જો સાધે રે
નમિ જિનવરના ચરણ ઉપાસક
ષડ્ દરિસણ આરાધે રે.

**સાચી જીવન દ્રષ્ટિ**

" મારુ એ જ સાચું એમ માનનારો તો શ્રી જિન શાસનથી આપોઆપ જ બહિષ્કૃત થયેલો છે. સાચાને પોતાનું માની, ખોટાના સ્પર્શથી પણ દૂર રહેવા ઈચ્છનારો શ્રી જૈન શાસનના અપેક્ષા મય સ્યાદ્વાદનો સાચો ઉપાસક બની શકે છે. "

(આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિજી)

સ્યાદ્વાદ સાચી જીવનદ્રષ્ટિ વિકસાવે છે, સુખશાંતિ અને સમાધાન સ્થાપવાની કલા શીખવે છે. મહાત્મા બુદ્ધ અને તેમના શિષ્ય પૂર્ણ વચ્ચેનો પ્રખ્યાત સંવાદ સ્યાદ્વાદ શૈલીની વિચારણાનો સુંદર નમૂનો છે. ગમે તેવી વિપરિત પરિસ્થિતિને પણ અનુકૂળ તરીકે સ્વીકારી લેવાની દ્રષ્ટિ આ સ્યાદ્વાદ શૈલી આપે છે. બૂરુ કરનારને ભલો માનવો, ઘોર નિરાશામાં પણ શુભ સંકેત જોવો, એ જ્ઞાન આ શૈલીથી પ્રાપ્ત થાય છે નિરાશા, ક્રોધ, અભિમાન, ઈર્ષ્યા વગેરે ચિત્તને અશાંત કરનારા દુર્ગુણોના ઉપદ્રવો શમી જાય છે. સ્યાદ્વાદ પરમત સહિષ્ણુતા શીખવે છે. ધર્મ ધર્મ વચ્ચે, સંપ્રદાય સંપ્રદાય વચ્ચેના કલહો સ્યાદ્વાદ યુક્ત દ્રષ્ટિ વડે જ શમાવી શકાય છે. સ્યાદ્વાદનો આરાધક મતાભિનિવેશ કે કદાગ્રહથી મુક્ત હોય છે સત્યનો પૂજારી બને છે.

સ્યાદ્વાદ યુક્ત વિચારણા જીવનમાં ડગલે ને પગલે લાભકારક છે. પ્રસિદ્ધ વાર્તાકાર શ્રી ધૂમકેતુ લિખિત ' પોસ્ટ ઑફિસ ' વાર્તામાં કૉચમેન અલી ડોસાના જીવનની કરુણતાનું મર્મસ્પર્શી આલેખન છે. આ વાર્તામાં અલી જેવી જ પરિસ્થિતિમાં જ્યારે પોસ્ટમાસ્તર મુકાય છે ત્યારે, તેના પ્રત્યે તેને સહાનુભૂતિ જન્મે છે. તે સુંદર રીતે દર્શાવવામાં આવ્યું છે. લેખકે એક સુંદર વાક્ય પણ વાર્તામાં મૂક્યુ છે. "મનુષ્ય પોતાની દ્રષ્ટિ છોડી બીજાની દ્રષ્ટિએ વિચારે તો અર્ધુ જગત શાંત થઈ જાય." વિશ્વમાં જે કલહો, કોલાહલો, સ્પર્ધાઓ, ઘર્ષણો અરાજકતા, હિંસા, શોષણખોરી, સત્તા ભૂખ વગેરે જોવા મળે છે તેમાંથી બચવાનો માર્ગ સ્યાદ્વાદ બતાવે છે.

બે પેઢીઓ વચ્ચેનું અંતર સંગા સંબંધીઓનાં સંબંધોમાં વૈમનસ્ય - અણબનાવ, પેઢીના માલિક અને નોકર વચ્ચેનો તંગદિલી ભર્યો સંબંધ, કજોડામાં મને કમને જિંદગી ભર નિભાવાતો પતિપત્નિનો ક્લેશયુક્ત સંસાર, પક્ષાપક્ષીનું રાજકારણ વગેરે પરિસ્થિતિઓમાં સ્વાર્થયુક્ત અને કદાગ્રહી માનસ જ વધુ કામ કરે છે. સ્યાદ્વાદ ઉદાર દ્રષ્ટિ ખિલવે છે. પોતાને મળતી સુખ સગવડોની વહેંચણી અભાવગ્રસ્ત દુઃખી જીવન જીવતા લોકોને પણ મારે કરવી જોઈએ, એવી ભાવનાનો ઉદય આવી ઉદાર દ્રષ્ટિમાં જ સંભવિત છે. વર્ગઘર્ષણ નિવારવાની અને લોકોને સમાન તકો પૂરી પાડવાની લોકશાહીની નેમ સિદ્ધ કરવાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા સ્યાદ્વાદયુક્ત વિચારધારા પૂરી પાડે છે.

સમસ્ત લોક વ્યવહાર અનેકાન્ત દ્રષ્ટિથી જ ચાલે છે તેવું પ્રતિપાદન શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજીએ આ પંક્તિઓમાં કર્યું છે.

" જેણ વિણા લોગસ્સ વિ વવહારો
સવ્વહા ન નિવ્વડઈ ।
તસ્સ ભુવણેક્ક ગુરુણો ણમો
અણેકંત વાયસ્સ ॥ "

-જેના વિના જગતનો કોઈ વ્યવહાર જરા પણ ચાલી શકે તેમ નથી, તે ત્રિભુવન ગુરુ સ્યાદ્વાદને અમે નમસ્કાર કરીએ છીએ..

અને એ સ્યાદ્વાદમય જિનમતની ઉપાધ્યયશ્રી યશોવિજયજી મ. શ્રી. એ આ પ્રમાણે સ્તુતિ કરી છે.

उत्सर्पद्व्यवहार निश्चयकथा, -
कलजाळ कोलाहलात्
त्रस्यदुर्नयवादिकच्छपकुल
भ्रश्यत्कुपक्षाचलम् ॥
उद्यद्युक्तिनदी प्रवशसुभगं
स्याद्वाद मर्यादया
युक्तं श्री जिनशासनं जलनिधिं,
मुक्त्वा परं नाश्रये ॥

(અધ્યાત્મસાર :)

નિશ્ચય અને વ્યવહારની કથાના ઉછળતા કલ્લોલોના કોલાહલથી કાચબાઓના કુળવાળા તૂટી પડતા કુપક્ષરૂપી પર્વતોવાળા, સચોટ યુક્તિ નદીના પ્રવેશથી સૌભાગ્યશાળી અને સ્યાદ્વાદની મર્યાદાથી યુક્ત એવા શ્રી જિન શાસન રૂપી સમુદ્રને મૂકીને, બીજા કોઈનો ય હું આશ્રય કરતો નથી.

સ્યાદ્વાદનો વિષય મહાસાગર જેવો છે. અનેક યુક્તિઓ, તર્કો અને વિચારણાઓનો એમાં સમાવેશ થાય છે. જેમ એક બાળક પોતે જોયેલા સમુદ્રનું વર્ણન બે હાથ પહોળા કરીને કરે કે સમુદ્ર આટલો મોટો હતો. તેમ મેં આ નિબંધમાં બાલચેષ્ટાથી જ સ્યાદ્વાદનું દર્શન કરાવ્યું છે. વસ્તુત : સ્યાદવાદનો વિષય વિશાળ, અગાધ ગહન અને ગંભીર છે. સ્યાદ્વાદ વિશ્વના સમસ્ત વાદોનો સમ્રાટ છે એ વાત નિર્વિવાદ સિદ્ધ થાય છે. " स्याद्वदसम्राट विजयतेतराम् ".



Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org